# સાતમા ધોરણના વિદ્યાર્થીઓ માટે સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

ડૉ. શ્વેતલબેન વિનુભાઈ ગામીત
અધ્યાપક સહાયક,
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ

**સારાંશ:**
પ્રસ્તુત સંશોધનનો હેતુ વિદ્યાર્થીઓમાં સ્વશિસ્તનો વિકાસ કરવા સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના કરી તેની અસરકારકતા ચકાસવાનો હતો. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું અને તેનું ક્ષેત્ર અધ્યયનનું મનોવિજ્ઞાન હતું. નમૂનાનાં પાત્રો તરીકે ઓછી સ્વશિસ્ત ધરાવતા ૩૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે વ્યાસ કે. ડી. રચિત પ્રમાણિત ઉપકરણ સ્વશિસ્ત સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્વશિસ્ત સંશોધનિકાનો ઉપયોગ પૂર્વ-કસોટી અને ઉત્તર-કસોટી તરીકે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં સ્વશિસ્તનો વિકાસ કરવા માટે સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના કરવામાં આવી હતી. ઉપકરણ પરથી પ્રાપ્ત માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં હતી. સંશોધકે એક જૂથ પૂર્વ- કસોટી ઉત્તર-કસોટી યોજના પસંદ કરી હતી. માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન માટે ટી-કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

**ચાવીરૂપ શબ્દો:** સ્વશિસ્ત,સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમ, મૂલ્ય શિક્ષણ

---

## ૧. પ્રસ્તાવના
વૈદિક યુગની ગુરુકુળ પ્રણાલીથી લઈને આધુનિક શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થી પાસેથી મહત્તમ શિસ્તની અપેક્ષા રાખવામાં આવી છે. નૈતિક વિકાસનું પ્રથમ પગથિયું શાળા છે. આથી શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ જ નિયમોનું પાલન સહજતાથી કરે તે ઈચ્છનીય છે. તેના માટે શ્રેષ્ઠ આચાર અને ઉચ્ચ મૂલ્યોની મહત્તાથી વિદ્યાર્થીઓને અવગત કરવા જરૂરી છે.

વિદ્યાર્થી દબાણ કે નિયંત્રણને બદલે, પોતે જ નિયમ પાલન કરતો થાય, સ્વયંભૂ યોગ્ય વર્તન આચારે અને મૂલવે તે જરૂરી છે. માત્ર ખોટું કરતા અટકાવવા કરતાં સારું કરતા કરવા તેવી અભીપ્સા સહ સાતમા ધોરણના વિદ્યાર્થીઓ માટે સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા ચકાસવાનો વિચાર સંશોધકના મનમાં ઉદ્‌ભવ્યો હતો.

## ૨. શીર્ષક
સાતમા ધોરણના વિદ્યાર્થીઓ માટે સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

## ૩. સંશોધનના હેતુઓ
પ્રસ્તુત અભ્યાસના હેતુ આ પ્રમાણે હતા.
૧. વિદ્યાર્થીઓની સ્વશિસ્ત વિકાસ માટે સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના કરવી.
૨. વિદ્યાર્થીઓની સ્વશિસ્ત વિકાસ માટેના વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**૪. સંશોધનની ઉત્કલ્પના**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના નીચે મુજબ રચવામાં આવી હતી.

***૪.૧ વ્યવહારુ ઉત્કલ્પના***

પ્રયોગના સંદર્ભમાં સાતમા ધોરણના વિદ્યાર્થીઓએ સ્વશિસ્ત સંશોધનિકાની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલા સ્વશિસ્ત પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત હશે.

***૪.૨ શૂન્ય ઉત્કલ્પના***

સાતમા ધોરણના વિદ્યાર્થીઓએ સ્વશિસ્ત સંશોધનિકાની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલા સ્વશિસ્ત પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૫. સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો આ પ્રમાણે હતા.

***૫.૧ સ્વતંત્ર ચલ***

પ્રસ્તુત સંશોધનમાં સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમને સ્વતંત્ર ચલ તરીકે લીધેલ હતો.

***૫.૨ પરતંત્ર ચલ***

પ્રસ્તુત સંશોધનોમાં સ્વશિસ્ત આંકને પરતંત્ર ચલ તરીકે લીધેલ હતા

***૫.૩ અંકુશિત ચલ***

સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમના અમલીકરણનો સમયગાળો ધોરણ શાળા પર્યાવરણ અંકુશિત ચલ હતા.

**૬. સંશોધન યોજના**

સંશોધકે એક જૂથ પૂર્વ-કસોટી ઉત્તર-કસોટી યોજના પસંદ કરી હતી.

**૭. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

માંડવી તાલુકાની પ્રાથમિક શાળામાં ગુજરાતી માધ્યમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અભ્યાસ કરતા સાતમા ધોરણના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં માંડવી તાલુકાની ફલાહી પ્રાથમિક શાળાની પસંદગી સહેતુક નમૂનાના આધારે કરવામાં આવી હતી. જેમાં સાતમા ધોરણના વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સ્વશિસ્ત સંશોધનિકાના આધારે ૧૩૬ માંથી ૬૮થી ઓછા ગુણ ધરાવતા વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કર્યો હતો.

**૮. ઉપકરણ**

વ્યાસ કે. ડી. રચિત સ્વશિસ્ત સંશોધનિકાનો ઉપયોગ સ્વશિસ્ત માપનના ઉપકરણ તરીકે કર્યો હતો.

**૯. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિ પસંદ કરી હતી.

**૧૦. અભ્યાસનું મહત્ત્વ**

ગુજરાતમાં સ્વશિસ્ત વિષય પર ખૂબ જ ઓછા પ્રમાણમાં સંશોધનો થયાં છે. તેથી ભાવિ સંશોધનોને આ દિશામાં વધુ સંશોધન કરવામાં આ અભ્યાસ મદદરૂપ બનશે. શાળાના શિક્ષકો, વાલીઓ અને શાળાના સંચાલકોને સ્વશિસ્ત અંગેનાં વિવિધ પાસાઓને સમજવામાં અને તેને વિકસાવવા માટે આ કાર્યક્રમ ઉપયોગી બનશે.

### ૧૧. સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચના

સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની સંરચનાના સોપાનો આ મુજબ છે.

૧. સ્વશિસ્ત કાર્યક્રમ સંબંધિત પ્રવૃત્તિનું આયોજન
૨. પ્રાથમિક સ્વરૂપની સ્વશિસ્ત કાર્યક્રમની રચના
૩. તજજ્ઞોનો અભિપ્રાય
૪. અંતિમ સ્વરૂપની સંશોધનિકાની રચના

આમ, આ રીતે ચાર વિભાગમાં કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

### ૧૨. સ્વશિસ્ત સંશોધનિકા પૂર્વ-કસોટી ઉત્તર-કસોટી પરના પ્રપ્તાંકોનું પૃથક્કરણ

**સારણી ૧: સ્વશિસ્ત સંશોધનિકા પૂર્વ-કસોટી ઉત્તર-કસોટી પરના પ્રપ્તાંકોની સાંખ્યિકી**

| કસોટી | સંખ્યા | સરસરી | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય |
|---|---|---|---|---|
| પૂર્વ-કસોટી | ૩૦ | ૫૦.૫૩ | ૧૨.૧૮૫ | ૧૨.૪૪** |
| ઉત્તર-કસોટી | ૩૦ | ૯૦.૭૩ | ૧૨.૮૩૭ | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

અહીં સ્વશિસ્ત સંશોધનિકા પૂર્વ-કસોટી ઉત્તર-કસોટી પરના સ્વશિસ્ત પ્રાપ્તાંકો અંગેની સરાસરી વચ્ચેના તફાવતનું ટી-મૂલ્ય ૧૨.૪૪ છે. આથી, આ t મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. આમ, અહીં વિદ્યાર્થીઓમાં શિસ્ત વિકસાવવા માટે રચેલા સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી હતી.

### ૧૩. અભ્યાસનું તારણ

- સ્વશિસ્ત વિકાસના સંદર્ભમાં નમૂનાના પાત્રો પર સ્વશિસ્ત વિકાસ કાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી હતી.

### સંદર્ભ સૂચિ


૧. ઘેટિયા, એસ. એમ.(૧૯૯૯). વિદ્યાર્થીઓના અશિસ્તમય વર્તનની સુધારણા માટેના સલાહદર્શન કાર્યક્રમની અસરકારકતા. અપ્રકાશિત પીએચ.ડી. મહા શોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૨. ઠાકર, એ.કે. (૧૯૮૨). રાજકોટ શહેરની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી શિસ્ત માટેનાં કારણોનો પૃથક્કરણાત્મક અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૩. દેસાઈ, કે.જી. અને એચ.જી. દેસાઈ, (૧૯૮૯). મનોવૈજ્ઞાનિક માપન. (બીજી આવૃત્તિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૪. પટેલ, વી. એમ. (૨૦૦૧). સુરત જિલ્લાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી ગેરશિસ્ત, મહાશોધ નિબંધ. વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

૫. બી.એ.પી.એસ. (૨૦૧૫). સુચરિતમ. અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૬. બી.એસ.પી.એસ., (૨૦૧૧). સુટેવ કુટેવ. અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૭. બી.એસ.પી.એસ., (૨૦૧૪). વાર્તા રે વાર્તા. અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૮. મોદી, ડી.જે. અને અન્યો (સં.) (૧૯૯૧).સંશોધનની માધુકરી. ભાવનગર: શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી.